# ANNEXURE-(PQ)
# એનેક્ષર–(પીક્યુ)
## (પૂર્વ પાત્રતાની શરતો)
(બધાજ દસ્તાવેજો ઓન લાઈન સ્કેન કરી રજુ કરવાના રહેશે.)

(૧) ફર્મ (Firm) નોંધણી પ્રમાણપત્ર અધતન સ્થિતિ સાથેનું રજુ કરવાનું રહેશે. (પ્રોપ્રાઈટરશીપ/ પાર્ટનરશીપ/એલ.એલ.પી./પ્રા.લી.વગેરે)

(૨) ટેન્ડર ફી ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે **રૂા.૧,૫૦૦.૦૦**

(૩) બાનાની રકમ ડિમાન્ડ ડ્રાફ્ટ તથા એફ.ડી.આર. સ્વરૂપે **રૂા.૨૮,૪૫૫.૦૦**

(૪) ચાલુ વર્ષની માન્ય (વેલીડ) બેંક સોલવંન્સી સર્ટીફીકેટ (રાષ્ટ્રીયકુત / શીડયુલ બેંક) અંદાજીત રકમના ૨૦% પ્રમાણે ચાલુ વર્ષ ૨૦૨૬ ની **(રૂા.૫,૭૦,૦૦૦.૦૦ કે તેથી વધુ રકમ)**

(૫) છેલ્લા ૩ (ત્રણ) વર્ષ દરમ્યાન રાષ્ટ્રીય દુકાન સ્થાપન નોંધણી (નેશનલ શોપ એસ્ટ્રાબ્લીસમેન્ટ રજીસ્ટ્રેશન) ગુજરાત ખાતે નોંધણી થયેલ હોવી જોઈએ અને અમદાવાદ/ ગાંધીનગર ખાતે પોતાની ઓફીસના નામ સરનામા સહીતના પુરાવા રજુ કરવાના રહેશે. ગાંધીનગર ઓફીસ માટે ભાડા કરાર માન્ય ગણાશે નહી.

(૬) અધતન વ્યવસાય વેરા નંબર નોંધણી પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે (પ્રોફેશનલ ટેક્ષ માટે) અને ૪ (ચાર) વર્ષ પૈકી કોઈપણ એક વર્ષમાં **રૂા.૧૦,૮૦૦.૦૦** પ્રોફેશનલ ટેક્ષ ભરેલ હોવાના પુરવા રજુ કરવાના રહેશે. (નાણાંકીય વર્ષ ૨૦૨૨–૨૩, ૨૦૨૩–૨૪, ૨૦૨૪–૨૫, ૨૦૨૫–૨૬ માંથી એક વર્ષના)

(૭) ઈજારદારની સંસ્થાના/પેઢીનો પી.એફ. કોડ નંબર અને નોંધણી રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. તથા ઈ.પી.એફ. રીર્ટન( છેલ્લા ૪ (ચાર) વર્ષ

પૈકી કોઈપણ એક નાણાંકીય વર્ષનું) (નાણાંકીય વર્ષના ૨૦૨૨–૨૩, ૨૦૨૩–૨૪, ૨૦૨૪–૨૫, ૨૦૨૫–૨૬ માંથી કોઈપણ એક વર્ષ નું **રૂ.૨,૩૭,૦૦૦.૦૦** કે તેથી વધુ રકમ ભરેલ હોવાના પુરાવા રજુ કરવાના રહેશે.

(૮) સંસ્થા/ ઈજારદારનું ઈ.એસ.આઈ.સી. નંબર અને રજીસ્ટ્રેશન રજુ કરવાનું રહેશે. તથા ઈ.એસ.આઈ.સી. રીર્ટન (છેલ્લા ૪ (ચાર) વર્ષ પૈકી કોઈપણ એક નાણાંકીય વર્ષનું) (નાણાંકીય વર્ષના ૨૦૨૨–૨૩, ૨૦૨૩–૨૪, ૨૦૨૪–૨૫, ૨૦૨૫–૨૬ માંથી કોઈપણ એક વર્ષ નું **રૂ.૩૦,૮૦૦.૦૦** કે તેથી વધુ રકમ નું ભરેલ હોવાના પુરાવા રજુ કરવાના રહેશે.

(૯) પાન નંબર અને જી.એસ.ટી. રજીસ્ટ્રેશન નંબર પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. તથા નાણાંકીય વર્ષ ૨૦૨૨–૨૩, ૨૦૨૩–૨૪, ૨૦૨૪–૨૫ તથા ૨૦૨૫–૨૬ ના જી.એસ.ટી. ભરેલ ચલણ તથા ભરેલ જી.એસ.ટી. ની રકમ છેલ્લા ૪ (ચાર) વર્ષ પૈકી કોઈપણ એક નાણાંકીય વર્ષનું **રૂ.૨,૪૦,૧૦૦૦.૦૦** કે તેથી વધુ રકમનું જી.એસ.ટી. ભરેલ હોવાના પુરાવા રજુ કરવાના રહેશે.

(૧૦) છેલ્લાં ૪ (ચાર) પૈકી કોઈપણ એક નાણાંકીય વર્ષનું ટર્ન ઓવર **રૂ.૨૮.૪૬ લાખ** થી વધુ રકમનું હોવું જોઈએ. (નાણાંકીય વર્ષના ૨૦૨૨–૨૩, ૨૦૨૩–૨૪, ૨૦૨૪–૨૫ તથા ૨૦૨૫–૨૬ ) (ટ્રર્ન ઓવર પ્રમાણપત્ર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા તેમના લેટર પેડ પર પ્રમાણિત કરેલું હોવું જોઈએ.)

(૧૧) છેલ્લાં ૪ (ચાર) વર્ષ પૈકીના કોઈપણ એક નાણાંકીય વર્ષનું (નાણાંકીય વર્ષ ૨૦૨૨–૨૩, ૨૦૨૩–૨૪, ૨૦૨૪–૨૫ તથા ૨૦૨૫–૨૬ ) સરકારી/ અર્ધ સરકારી/ બોર્ડ/ કોર્પોરેશન ની કચેરીમાં કુશળ/ બીન કુશળ/અર્ધ કુશળ માનવબળ પુરા પાડવાનું કામ કર્યા અંગેના અનુભવના પ્રમાણપત્ર અંદાજીત રકમના ૬૦% એટલેકે રૂા.૧૭.૦૮ લાખ કે તેથી વધુ રકમનું ફોર્મ–૩એ (આંકડાકીય માહીતી સાથે રજુ કરવાનું રહેશે.)

(૧૨) ઈજારદાર/કંપની/ માલીક/ તથા ભાગીદાર પૈકી કોઈપણ ભાવ (બીડ) ભરનાર ટેન્ડર ઓન–લાઈન ભરવાની છેલ્લી તારીખ સુધીમાં કાળી યાદીમાં (બ્લેક લીસ્ટ) મુકાયેલ ન હોવા જોઈએ કે તેની સાથે કોઈપણ પ્રકારની પોલીસ તપાસ ચાલુ ન હોવી જોઈએ તે માટે ઈજારદારશ્રી (બીડર) એ રૂા.૩૦૦.૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર જરૂરી બાંહેધરી પત્ર નોટરાઈઝડ કરાવીને રજુ કરવાનું રહેશે. (પ્રમાણપત્રનો મુસદ્દો આ સાથે સામેલ રાખેલ છે.) પાના નંબર ૧૫ તથા ૧૭ મુજબ

(૧૩) ઈજારદારશ્રી દ્વારા રાખવામાં આવેલ દરેક કર્મચારીઓનું ગુનાહિત પ્રવૃતિ ન કર્યાનું બાહેધરીપત્ર રૂા.૧૦૦.૦૦ ના સ્ટેમ્પ પેપર આપવાનું રહેશે. (નમુનો પાના નંબર ૧૫ મુજબ સામેલ છે.)

(૧૪) એજન્સીએ પોતાનું વેલીડ આઈ.એસ.ઓ. રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ ૩૦૪૦૯ : ૨૦૧૬ સ્કેન કરી ઓનલાઈન રજુ કરવાનું રહેશે.

ઉપરોકત ક્રમ નં.૧ થી ૧૪ ની તમામ શરતો ફરજીયાત છે. તથા શરતો પરીપૂર્ણ થવા અંગેના માંગેલ દરેક આધાર પુરાવા સ્વ પ્રમાણિત (સેલ્ફ એટેસ્ટેડ) કરી ઓન લાઈન સ્કેન કરી રંજુ કરવાના રહેશે. તમામ શરતો પરીપૂર્ણ કરનાર એજન્સીઓને પૂર્વપાત્ર (કવોલીફાઈડ) ગણવામાં આવશે. આવા પૂર્વપાત્ર (કવોલીફાઈડ) બોલી લગાવનાર (બીડરો)ના જ ભાવ પત્રક (પ્રાઈસ બીડ) ખોલવામાં આવશે.

ઉપરોકત તમામ શરતો (૧ થી ૧૪) અમોને કબુલ મંજુર છે.

ઈજારદારની સહી

કાર્યપાલક ઈજનેર,
પાટનગર યોજના વિભાગ નં.૩,
ગાંધીનગર.

## :: ઈજારદારે આપવાનું બાંહેધરી પત્ર :: (૧)

(રૂા.૩૦૦/–ના દસ્તાવેજા (સ્ટેમ્પ પેપર) પર

૧) આથી, અમો મે........................... બાંહેધરી આપીએ છીએ કે, જો સરકારશ્રી દ્વારા અમોને સદર કામ નું ટેન્ડર એનાયત કરવામાં આવશે તો અમો શ્રમ આયુકત, ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા બહાર પાડવામાં આવેલ પરીપત્ર ક્રમાંક: શ્ર.આ./૬/૨૦૧૫/૯૧૭ થી તા.૧૯/૦૫/૨૦૧૫ માં જણાવવામાં આવેલ શ્રમયોગીઓને લાગુ પડતા લઘુત્તમ વેતન તેમજ અન્ય લાગુ પડતી કાયદાકીય જોગવાઈઓનું અમારા દ્વારા ચુસ્તપણે પાલન કરવામાં આવશે. તેમજ અમારા દ્વારા આ કાયદાકીય જોગવાઈઓનું પાલન કરવામાં નિષ્ફળ જઈએ તથા અમને આ કામમાંથી દુર કરી અન્ય એજન્સીને બાકીનું કામ આપવામાં આવે અને અમારી ડીપોઝીટ જપ્ત કરવામાં આવે તો અમો કોઈ વાંધો લઈશું નહી તથા કામ ઉપર અમારો કોઈ હકક દાવો રહેશે

ઈજારદારશ્રીની સહી

## :: ઈજારદારે આપવાનું બાંહેધરી પત્ર :: (૨)

૨) આથી, અમો મે........................... બાંહેધરી આપીએ છીએ કે, જો અમારી પેઢી એજન્સીને આપના દ્વારા આ કામ આપવામાં આવશે તો અમારા દ્વારા તમામ કર્મચારી (Workers) કે જેનું પોલીસ વેરીફીકેશન થયેલ હોય અને કોઈ ગુનાહીત પ્રવૃતિ સાથે સંકળાયેલ ન હોય તેવા કર્મીને કામ પર રાખવામાં આવશે. તેમજ જરૂરીયાત મુજબ નવા કામદારો (Workers) રાખવાની જરૂર પડશે તો જરૂરી પોલીસ વેરીફીકેશન કરાવ્યા બાદ કામ પર રાખવામાં આવશે.

ઈજારદારશ્રીની સહી

FOR FIRM

Not Blacklisting Performa

(For Annexure-PQ Condition No.12)

DECLARATION/ UNDERTAKING

(On Rs. 300.00 Stamp paper and notarized)

1.0 I/We undertake that our firm/ institute are neither defaulter nor black listed with any Government or Semi Government or Private sector for providing manpower services work within last three year or at present.

2.0 All the information furnished here with are correct to my / our best of knowledge.

3.0 I/We agree that we have no objection if inquiries are made about our services. Its related areas and any inquiry regarding all details. Provided by us in the Pre-Qualification documents.

4.0 I/We also understand that furnishing of wrong information or hiding of any information shall be a cause for disqualification.

Date: Signature with seal of the Agency.

# ટેન્ડરની શરત નં.:(૧)

## માનવબળ (મેનપાવર) ના ટેન્ડરને લગતી અગત્યની શરતો

(એકથી વધુ ઈજારદારોના એક સરખા ભાવ આવે તે માટે)

(૧) પ્રવર્તમાન લઘુત્તમ વેતન (મીનીમમ વેજીસ) થી નીચા ભાવોવાળી ઓફર કોઈપણ શરતે મંજુર કરવામાં આવશે નહી. તથા તેવા ટેન્ડર નોન રીસ્પોન્સીવ ગણવામાં આવશે.

ઉપરોકત ખાસ શરત નં.૧ અમોને કબુલ મંજુર છે.

ઈજારદારશ્રીની સહી

કાર્યપાલક ઈજનેર,
પાટનગર યોજના વિભાગ નં.૩,
ગાંધીનગર.